सत्यमेव जयते

| | |
|---|---|
| અરજી સ્વીકાર્યા તારીખ | ૦૫/૧૦/૨૦૨૦ |
| અરજી નોંધ્યા તારીખ | ૦૫/૧૦/૨૦૨૦ |
| અરજી નિકાલ કર્યા તારીખ | ૦૭/૦૬/૨૦૨૩ |
| સમયગાળો | વર્ષ– માસ– દિન<br>૦૨ – ૦૮ – ૦૨ |

**જામનગરના કર્મચારી વળતર ધારા અન્વયેના કમિશનરશ્રી સમક્ષ,**

**મુકામ: જામનગર**

**વ.કો. પરચુરણ અરજી નં. ૦૮/૨૦૨૦**
**આંક : ૧૭**

અરજદાર : કુંવરબેન બાબુલાલ પરમાર
C/O ભારતીય મઝદૂર સંઘ
૧૭, અભય શોપીંગ સેન્ટર,
ડી.એસ.પી.બંગલા સામે, જામનગર.

<u>વિરુધ્ધ</u>

સામાવાળા : (૧) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,
પી.ડબલ્યુ.ડી, મા.અને મ.પેટા વિભાગ,
નગર નાકે, મુ.ધ્રોલ, જી.જામનગર
(૨) કાર્યપાલક ઈજનેરશ્રી,
પી.ડબલ્યુ.ડી, મા.અને મ.પેટા વિભાગ,
પી.ડબલ્યુ.ડી.નો ડેલો, કે.વી.રોડ, જામનગર.

**વિષય:–** કામદાર વળતર ધારાની કલમ–૩૧ મુજબ રીકવરી સર્ટીફીકેટ ઈસ્યુ કરવા અંગે.

---

| | | |
|---|---|---|
| અરજદાર તર્ફે | : | વિ.વકીલ શ્રી પી.ડી.રાયચુરા |
| સામાવાળાઓ તર્ફે | : | વિ.એ.જી.પી.શ્રી એચ.ડી.મહેતા |

---

**–:: <u>હુ ક મ</u> ::–**

અરજદારની અરજીની ટુંકી હકીકત નીચે મુજબ છે.

(૧) આ કામના અરજદારના પતિ સ્વ.બાબુલાલ પૂર્વાદાસ પરમાર સામાવાળા નં.૧ અને ૨ ના તાબા હેઠળ કામદાર તરીકે ફરજ બજાવતા હતા. અરજદારના પતિનું તા.૦૭/૦૭/૧૯૯૮ ના રોજ ચાલુ ફરજે અકસ્માતે મૃત્યુ થયેલ. આ બનાવ ચાલુ ફરજે બનવા પામેલ હોય, સામાવાળા નં.૧ અને

નં. ૨ ધ્વારા અરજદારને વળતરની કે સારવાર ખર્ચની કોઈ જ રકમ ન ચુકવવામાં આવતા અરજદારે વળતર મેળવવા વ.કો.ફે.નં.૧૧૨/૧૯૯૮ દાખલ કરેલ, જે ચાલી જતા નામદાર વર્કમેન કમિશ્નરશ્રી ધ્વારા તા.૦૮/૦૫/૨૦૦૮ ના હુકમથી વળતર પેટે રૂા.૧,૬૯,૪૪૦/- ચૂકવવા હુકમ કરેલ.

અરજદારે વધુમાં જણાવેલુ છે કે, ઉપરોકત હુકમમાં નામદાર વર્કમેન કમિશ્નર સાહેબશ્રીએ અરજદારને વળતરની રકમ ઉપર કોઈ વ્યાજ અપાવેલ ન હોવાથી આ હુકમ સામે અરજદારે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ફર્સ્ટ અપીલ નં.૩૬૯૯/૨૦૦૮ દાખલ કરેલ. આ અપીલ ચાલી જતા નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા તા.૩૧/૦૭/૨૦૧૮ થી અકસ્માતની તારીખથી ૧૨ ટકા ચુકવવાનો હુકમ થયેલ. ઉપરોકત હુકમ થયા બાદ અરજદારે સામાવાળા સમક્ષ વારંવાર મૌખિક વિનંતીઓ કરવા છતા સામાવાળાઓ ધ્વારા નામદાર હાઈકોર્ટના હુકમ મુજબ અકસ્માતની તારીખથી આજદિન સુધી વ્યાજની રકમ ચુકવેલ નથી કે પ્રત્યુતર આપેલ નથી. જેથી યુનીયન મારફત તા.૧૫/૦૪/૨૦૧૯ ના લેખીત રજી.એ.ડી.થી સામાવાળાઓને જાણ કરવા છતાં આજદિન સુધી નામદાર હાઈકોર્ટના હુકમ મુજબની કોઈ રકમ ચૂકવેલ નથી કે કોઈ પ્રત્યુતર આપેલ નથી.

અરજદારે વધુમાં જણાવેલુ છે કે, નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત હુકમ સામે સામાવાળાઓએ કોઈ અપીલ કરેલ હોય તેવી કોઈ માહિતી અરજદારની જાણમાં નથી કે તેવી કોઈ અપીલની નોટીસ આજદિન સુધી

અરજદારને મળેલ નથી. જેથી રેવન્યુ રાહે જપ્તી વસુલાતથી આ રકમ મેળવવા હાલની અરજી કરવા ફરજ પડેલ છે. અરજદારના જણાવ્યા મુજબ નામદાર હાઈકોર્ટના હુકમ મુજબ સામાવાળાઓએ તા.૧૩/૧૧/૧૯૯૮ થી વળતરની રકમ રૂા.૧,૬૯,૪૪૦/– ઉપર ૧૨ ટકા લેખે વ્યાજની ગણતરી કરતા એક વર્ષના રૂા.૧૬૯૪.૪૦ લેખે × ૧૧૫ માસના કુલ મળી રૂા ૧,૯૪,૮૫૬/– તથા સામાવાળા નં.૧ અને ૨ પાસેથી સયુંકત અને પૃથ્થકરીતે ખર્ચની રકમ રૂા.૧૦,૦૦૦/– વસુલ અપાવવા માટે સદરહુ નીકળતી લેણી રકમનુ રેવન્યુ રાહે વસુલાત સર્ટીફીકેટ કાઢી આપવા અરજ કરેલી છે.

(૨) અરજદારની અરજીની નોટીસ સામાવાળાઓને બજવણી અર્થે મોકલવામાં આવતા સામાવાળાઓને ધોરણસરની નોટીસ બજી જવા છતાં કોર્ટ રૂબરૂ હાજર રહી જવાબ રજુ નહી કરતાં અરજદાર તરફે આંક–૦૭ ની અરજી આપી સામાવાળાનો જવાબનો હકક બંધ કરવા માંગણી કરતા મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ સામાવાળા નં.૧ અને ૨ નો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૩) આ કામે અરજદાર તરફે આંક–૧૮ થી તેમનું જુબાનીનું સોગંદનામુ રજૂ કરી સામાવાળા નં.૧ અને ૨ પાસે વળતરની રકમ રૂપિયા ૧,૬૯,૪૪૦/– ઉપર ૧૨ ટકા લેખે વ્યાજની ગણતરી કરતા એક વર્ષના રૂા.૧૬૯૪.૪૦ લેખે × ૧૧૫ માસના કુલ મળી રૂા ૧,૯૪,૮૫૬/– તથા ખર્ચના રૂા.૧૦,૦૦૦/– એમ કુલ મળી રૂા.૨,૦૪,૮૫૬/– સદરહુ નીકળતી

લેણી રકમનુ રેવન્યુ રાહે વસુલાત સર્ટીફીકેટ કાઢી આપવા અરજ કરેલ છે. આ કામે સામાવાળાઓ તરફે કોઈ વિ.એ.જી.પી.શ્રી એચ.ડી.મહેતા હાજર થયેલ છે અને અરજદારની ઉલટ તપાસ કરવામાં આવેલ છે.

(૪) અદાલતનું માનવુ છે કે, આ કામે અરજી ધ્યાને લેતા તેમજ અન્ય કેસ લગત કાગળો ધ્યાને લેતા તેમજ દલીલ ધ્યાને લેતા તેમજ નામદાર હાઈકોર્ટનો હુકમ ધ્યાને લેતા, આ કામે અરજદારે વર્કમેન કોમ્પેનસેશન્સ ફેટલ કેસ નં.૧૧૨/૧૯૯૮ ના કેસમાં અદાલતે માત્ર વળતરની રકમનો હુકમ કરેલો તથા વ્યાજ બાબતે હુકમ કરેલો કે, હુકમ તારીખથી એક માસની અંદર જો સંસ્થા રકમ ન ચુકવે તો સદર રકમ ઉપર ૧૨ ટકા લેખે વ્યાજ ચૂકવવાનું રહેશે.

સદર હુકમ વિરુધ્ધ અરજદારે નામદાર હાઈકોર્ટમાં ફર્સ્ટ અપીલ નં.૩૬૯૯/૨૦૦૮ દાખલ કરેલ. જેમા નામદાર હાઈકોર્ટે તા.૩૧/૦૭/૨૦૧૮ ના રોજના હુકમથી વળતર રકમ ઉપર અકસ્માત તા.૧૩/૧૧/૧૯૯૮ થી વ્યાજ ચૂકવી આપવાનો હુકમ કરેલો હતો. વધુમાં સદર રકમ દસ અઠવાડીયા માં ચૂકવી આપવા હુકમ કરેલો હતો. પરંતુ સામાવાળાએ સદર રકમ ચૂકવી ન આપતા અરજદારે સામાવાળાઓને તા.૧૫/૦૪/૨૦૧૯ ના રોજ રજી.એ.ડી. થી નિશાની ૩/૨ વાળી નોટીસ મોકલાવેલી હતી. સદર નોટીસ મોકલાવેલ તેના એકનોલેજમેન્ટ અનુક્રમે નિશાની ૩/૩ તથા ૩/૪ થી રજૂ રાખવામાં આવેલી છે.

આ કામે અરજદારે આંક–૯ થી પુરાવાનું સોગંદનામું આપેલુ છે. તેમાં પણ અરજી મુજબની જ હકિકતો જણાવેલી છે. આ કામે સામાવાળાઓએ કોઈ પુરાવો આપેલો નથી. અરજદારની આંક–૧૭ ની અરજીના આધારે સામાવાળા નો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ અને ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળવામાં આવેલી છે.

આ કામે હકિકતો ધ્યાને લેતાં મૂળ વર્કમેન કોમ્પેનસેશન્સ ફેટલ કેસ નં. ૧૧૨/૧૯૯૮ ના કેસમાં નામદાર અદાલતે વળતર પેટે રૂા.૧,૬૯,૪૪૦/– મંજૂર કરેલા હતા. વધુમાં હુકમ તા.૦૮/૦૫/૨૦૦૮ થી એક માસની અંદર સદર રકમ જમા કરાવવામાં ન આવે તો તેના ઉપર ૧૨ ટકા લેખે વ્યાજ ચૂકવવાનો હુકમ કરવામાં આવેલો. અરજદારના વિ.વકીલશ્રીએ પોતાની મૌખિક દલીલમાં જણાવેલુ છે કે, આ કામે સંસ્થા ધ્વારા મૂળ વળતરની રકમ રૂા.૧,૬૯,૪૪૦/– તેમજ હુકમ તારીખથી રકમ જમા કરાવી ત્યાં સુધી ૧૨ ટકા વ્યાજ લેખે રકમ રૂા.૮,૯૯૭/– જમા કરાવેલા હતા. જે રકમ અરજદાર પક્ષને મળી ગયેલી છે. આ કામે નામદાર હાઈકોર્ટનો હુકમ ધ્યાને લેતા અકસ્માત તા.૧૩/૧૧/૧૯૯૮ થી ૧૨ ટકા લેખે વ્યાજ ચૂકવવાનો હુકમ કરેલો હતો. જે વ્યાજની રકમ સામાવાળાઓને નોટીસ આપવા છતાં ચૂકવી આપેલી નથી. વધુમાં નામદાર હાઈકોર્ટના હુકમમાં સ્પષ્ટ હુકમ કરવામાં આવેલો કે સદર વ્યાજની રકમ દસ અઠવાડીયામાં ચૂકવી આપવી. તેમ છતાં સંસ્થાએ સદર વ્યાજની રકમ ચૂકવી આપેલી નથી. સદર તમામ હકિકતો ધ્યાને લેતા અરજદાર અકસ્માત તા.૧૩/૧૧/૧૯૯૮ થી હુકમ તા.૦૮/૦૫

/૨૦૦૮ સુધી વ્યાજ મેળવવા હકકદાર બને છે. અરજદારને તા.૦૮/૦૫/ ૨૦૦૮ થી વળતરની રકમ જમા કરાવી ત્યાં સુધીના વ્યાજની રકમ મળી ગયેલી છે.

આમ ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા અરજદાર અકસ્માત તા.૧૩/૧૧ /૧૯૯૮ થી હુકમ તા.૦૮/૦૫/૨૦૦૮ સુધી વળતરની રકમ રૂપિયા ૧,૬૯,૪૪૦/– ઉપર ૧૨ ટકા લેખે વ્યાજ મેળવવા હકકદાર બને છે. સદર સમયગાળો ધ્યાને લેતા અરજદાર ૯ વર્ષ ૫ મહિના અને ૨૫ દિવસ નુ વ્યાજ મેળવવા હકકદાર બને છે.

સદર રકમ ઉપર વ્યાજની ગણતરી કરતા તે નીચે પ્રમાણે છે.

(૧) રૂા.૧,૬૯,૪૪૦/– નું ૯ વર્ષનુ ૧૨ ટકા લેખે વ્યાજ

૧,૬૯,૪૪૦ × ૧૨ /૧૦૦ × ૯ = <u>૧,૮૨,૯૯૫.૨૦</u>

(૨) રૂા.૧,૬૯,૪૪૦/– નું ૫ માસનુ ૧૨ ટકા લેખે વ્યાજ

૧,૬૯,૪૪૦ × ૧૨ /૧૦૦ × ૫ /૧૨ = <u>૮,૪૭૨.૦૦</u>

(૩) રૂા.૧,૬૯,૪૪૦/– નું ૨૫ દિવસનુ ૧૨ ટકા લેખે વ્યાજ

૧,૬૯,૪૪૦ × ૧૨ /૧૦૦ × ૨૫ /૩૬૫ = <u>૧,૩૯૨.૭૫</u>

જે ઉપરોકત ક્રમ નં.૧ થી ૩ નો સરવાળો કરતા રૂા.૧,૯૨,૮૫૯.૯૫ પૈસા થાય છે. જેને નજીકના ક્રમે ધ્યાને લેતા **રૂા.૧,૯૨,૮૬૦/–** અરજદાર **વ્યાજ પેટે** સામાવાળાઓ પાસેથી મેળવવા હકકદાર બને છે.

આ કામે સામાવાળાએ વ્યાજની કોઈ રકમ અરજદારને નામદાર હાઈકોર્ટ

નો હુકમ હોવા છતાં ૧૦ અઠવાડીયામાં ચૂકવેલી નથી. વધુમાં આ અંગે સંસ્થા ને નોટીસ કરવા છતા તેઓએ તે રકમ ચૂકવી આપેલી નથી. સંસ્થાની ચૂક બદલ તેમને ખર્ચની રકમનો હુકમ કરવો પણ ન્યાયીક અને વ્યાજબી જણાય છે. આથી ઉપરોકત રકમ ઉપરાંત **રૂા.૫,૦૦૦/- ખર્ચ પેટે** અરજદારને ચૂકવી આપવાનો હુકમ કરવો ન્યાયીક અને વ્યાજબી જણાય છે. આમ વ્યાજની રકમ રૂા.૧,૯૨,૮૬૦/- તથા ખર્ચની રકમ રૂા.૫,૦૦૦/ સહિત **કુલ રકમ રૂા.૧,૯૭,૮૬૦/-** (અંકે રૂપિયા એક લાખ સતાણુ હજાર આઠસો સાઈંઠ પુરા) ની લેણી રકમ પેટે વ.કો.એકટની કલમ-૩૧ મુજબ રીકવરી સર્ટીફીકેટ ઈસ્યુ કરવાનો હુકમ કરવો યોગ્ય જણાય છે.

આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. અરજદારની અરજી અંશત: ગ્રાહય રાખવામાં આવે છે.

૨. આ કામના સામાવાળા સામે કુલ રકમ રૂા.૧,૯૭,૮૬૦/- (અંકે રૂપિયા એક લાખ સતાણુ હજાર આઠસો સાઈંઠ પુરા) નું વર્કમેન કોમ્પેન્સેશન એકટની કલમ-૩૧ અન્વયે રેવન્યુ રાહે રીકવરી વસુલાત સર્ટીફીકેટ કલેકટરશ્રી, જામનગર તરફ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. રજિસ્ટ્રારશ્રીએ નકલ આપવા સંબંધે મજુર અદાલત (પધ્ધતિ અને કાર્યરીતી) નિયમો ૧૯૪૭ ના નિયમ–૩૨ મુજબ નિયમો અનુસારની કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૦૭ માહે જૂન સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૦૭/૦૬/૨૦૨૩
જામનગર

**(ટી.જે.પટેલ)**
ન્યાયાધીશ
મજૂર અદાલત કોર્ટ નં.૧, જામનગર

એમ.કે.નાકિયા (સ્ટેનોગ્રાફર)